**ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**શાહીબાગ, અમદાવાદ -380003**
**સ્વાધ્યાય કાર્ય – 1**
**પાઠયક્રમ કોડ : AWR-01**

| ઓગષ્ટ–2005 |
|---|

**સ્વાધ્યાય કોડઃ AWR-01/AST-1/TMA/2005**
**અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તા. 09/04/2006**
**કુલ ગુણ : 100**

**નોંધ : તમામ પ્રશ્નોના ગુણ સરખા છે.**

1. ભારતમાં રેડિયોના વહીવટી માળખાની ચર્ચા કરો અને વિવિધ પાંખો વચ્ચે પરસ્પરાવલંબન સુપ્રકાશિત કરો.
2. AIR સેવાના ચાર મુખ્ય પરિણામો કયા? તે પૈકી બેની વિગતવાર ચર્ચા કરો.
3. 'કાન માટેનું લેખન આંખ, માટેના લેખન કરતાં જુદા જ પ્રકારનું કૌશલ્ય માગે છે'. તે ઝીણવટપૂર્વક વિગતવાર સમજાવો.
4. સારા રેડિયો– કાર્યક્રમે પ્રસારણ દરમિયાન શ્રોતાઓનો રસ પકડી રાખવો જોઈએ. તે કઈ રીતે મેળવી શકાય તેની વિવિધ પધ્ધતિઓ ઓળખી બતાવી નીચેનાના વિશિષ્ટ સંદર્ભમાં તેમની ચર્ચા કરો.
   (a) પ્રવર્તમાન ઘટના કાર્યક્રમ
   (b) નાનાં બાળકો માટેની વાર્તા
5. પ્રસારણ માટે સમાચાર લેખનની પાયાની લાક્ષણિકતાઓ ચર્ચો.
6. 'રેડિયો મુલાકાત સ્વયંભૂત,રસપ્રદ અને માહિતીપ્રદ બને તે માટે મુલાકાત લેનારના પક્ષે ઘણી બધી પૂર્વતૈયારી માંગી લે છે.' વિવેચન કરો.
7. નીચેના સંદેશાઓ પૈકી કોઈ પણ બે માટે રેડિયો ઉપર PSA માટેની નકલો તૈયાર કરો. (30 સેકન્ડ કેપ્સૂલ)
   (a) 'માનવ સજજતા વગરના રેલવે ક્રોસિંગ ઓળંગવા હાંકતી વખતે પહેલાં થોભો, જુઓ અને સાંભળો.'
   (b) 'પાણીનો વ્યય ન કરો. તે મૂલ્યવાન છે.'
   (c) HIV/ AIDS જાગૃતિ
8. નીચેના વાણિજય વિજ્ઞાપન પાછળની આકર્ષણ–વ્યૂહરચના ટૂંકમાં સમજાવો. અને તમારી પસંદગીના ત્રણ ઉત્પાદનો માટે સમાંતર એક લીટીની જાહેરાત તૈયાર કરો.
   (a) 'તમારા પગની આંગળીઓ ફરીથી જુઓ. ડાબરનું Bisolim વાપરો.'
   (b) 'સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા–રાષ્ટ્ર આપણા ઉપર આધાર રાખે છે.'
   (c) 'હવે એક એવી ટૂથપેસ્ટ જે ચમકતી ત્વચાની ખાતરી આપે છે.'
   (નીચે ટૂથપેસ્ટ માટેની એક જાહેરાત જે ટૂથપેસ્ટ ટયુબની દરેક ખરીદી ઉપર નીમ સાબુ ભેટ આપે છે.)
9. નીચેના ઉપર રેડિયો ફીચર (નિદર્શન) તૈયાર કરો.
   (a) આપણા જીવનમાં ઈન્ટરનેટ (b) ચૂંટણીઓ દરમિયાન હિંસા
   તમારું લક્ષિત શ્રોતાજૂથ શહેરી મધ્યમ વર્ગના યુવાન સ્ત્રી–પુરુષો છે.
10. Ray Bradbury ના 'A Sound of Thunder' માંનો ઉતારો નીચે આપેલ છે. જે ટાઈમ મશીન ઉપર Jurassic Age (યુગ) માં મુસાફરીનું કલ્પિત વૃત્તાન્ત છે. આ ઉતારામાં ટાઈમ ટ્રાવેલર (મુસાફરો) અને પ્રાચીન સરીસૃપવર્ગના વિશાળકાય પ્રાણી (ડાઈનાસોર) વચ્ચે અણધાર્યા સામનાનું વર્ણન આવે છે. તેનું રેડિયો રૂપાંતર કરો. જરૂર હોય ત્યાં SFX નો ઉપયોગ દર્શાવો.

તે (ડાઈનાસોર) તૈલી, સ્થિતિસ્થાપક અને લાંબી ફાળ ભરતાં ભરતાં આવ્યો. તે અડધા જેટલાં વૃક્ષોની ઊંચાઈ કરતાં પણ ઊંચો હતો જાણે મોટો દુષ્ટ દૈવી પશુ. તેણે પોતાના ઘડિયાળના જેવા નાજુક પંજા (નહોર) તૈલી સરીસૃપ પ્રકારની છાતીએ વધેલા હતાં. તેનો નીચેનો દરેક પગ જાણે દટ્ટો–હજાર પૌડનું સફેદ હાડકુ સ્નાયુઓના જાડા દોરડામાં ડૂબેલું ભયંકર યોધ્ધાના બખતર જેવા કાંકરા જેવી ચામડીના તેજકિરણમાં મ્યાનમાં રહેલું. તેની દરેક જાંઘ એટલે એક ટન વજનનું માંસ હાથીદાંત જેવા સખત જાળનું છિદ્ર શરીરના ઉપલા ભાગના મોટા એવા શ્વસન પાંજરામાંથી તેના બે નાજુક હાથ આંગળી બાજુએ લટકતા. અને તેનું મોઢું ફારચિરાડવાળું આકાશ તરફ સહેલાઈથી ફેરવી શકાય તેવું. તે કટારની માફક દાંતની વાડ દેખાડતું. તેની આંખો શાહમૃગનાં ઈંડા જેવી ગોળાકાર અને વીટેલી અને તે ભૂખ સિવાયની તમામ અભિવ્યકિતથી રિકત મોઢું તો જાણે પરાણે બંધ કરતો. તે દોડતો ત્યારે તેનાં પેઢુનાં હાડકાં વૃક્ષો અને ઝાડીઓનો નાશ કરતા. તેના નહોર જેવા પગ ભેજવાળી જમીનમાં પંજા પાડતાં. અને જયાં પોતાના પગનું વજન મૂકે ત્યાં છ ઈંચ જેટલી તો ઊંડી છાપ પાડતા.ચોરીછૂપીથી જાણે તે 'બેલે' કદમ ભરતો દોડયો. તેના દસ સીક્કાટન જેટલા વજનને સમતોલ રાખવાનું મુશ્કેલ હતું. તે સૂર્યપ્રકાશિત યુધ્ધભૂમિમાં જાણે લડાયક મૂડમાં ફરતો. તેના સુંદર દેખાતા સરીસૃપ હાથ હવાની સંવેદન, અનુભવતા. 'અરે ભગવાન એકલ્સ (Echels) એ તેનું મોઢું ખેંચ્યુ. તે તો ચંદ્ર સુધી પહોંચીને તેને આંચકી શકે. ત્યાં તો ગર્જના કરતો કાંચડો (Lizard) ઊંચકાયો. તેનું માંસ બખતર જેવું અને હજાર લીલા સિક્કાની માફક ચળકતું. સિક્કાઓ ચીકણા પદાર્થના પોપડાવાળા બાફ બહાર કાઢતા. ચીકણા દ્રવ્યમાં તો નાનાં જીવજંતુઓ આમતેમ હાલતાં, જેથી આખું શરીર ખેંચાતું અને મોજાની પેઢે ઊચુ નીચું થાય. રાક્ષસ સુધ્ધાં ખસ્યો નહિ. તેણે ઉચ્છવાસ બહાર કાઢયો તો કાચા માંસની દુર્ગંધ વગડામાં ફેલાઈ. એકલ ભયભીત થઈને દોડયો. રાક્ષસ પ્રથમ ઈશારાએ ભયંકર મોટી ચીસ સાથે આગળ વધ્યો. માત્ર ચાર સેકન્ડમાં તો તેણે એકસો વાર જેટલું અંતર કાપ્યું. બંદૂકો ફૂટી અને ચોમેર આગ ફેલાઈ. તે પશુના મોઢામાંથી નીકળેલ પવનના તોફાનથી તેઓ ચીકણા પદાર્થ અને લોહીની દુર્ગંધથી ઘેરાઈ ગયા. રાક્ષસે ગર્જના કરી. તેના દાંત સૂર્યપ્રકાશમાં ચળકતા બંદૂકો ફરીથી ફૂટી. તેનો અવાજ ચીસ અને કાંચડાના અવાજમાં લુપ્ત થયો. સરીસૃપની પૂંછડી એક મોટા ઉચ્ચાલન તરીકે ઝોલા ખાતી. આમતેમ હાલતી અને તેને બાજુએ એકદમ ઝાટકવામાં આવતી. વૃક્ષોને પાંદડાં અને ડાળીઓના વાદળામાં જાણે સ્ફોટ થયો. રાક્ષસે તેના હાથ ધીમેથી આંચકો મારીને ખેંચ્યા. પવન–પાણીથી ઘસાઈ ગયેલા પથ્થર જેવી તેની આંખો માણસોની સાથે સમતલ થઈ. તેઓએ ધાતુ જેવાં (અવાજ કરનારાં) પોપચાં અને ચોમેર (ટગરટગર) ફેલાતી કાળી કાકી ઉપર બંદૂક ફોડી.

પથ્થરની મૂર્તિની માફક અને પર્વતના ધસારાની માફક ટિરનોસોરસ પડયો. તોફાન સાથે વૃક્ષોને ઝાલીને તેની સાથે નીચે ખેંચ્યાં. તેણે જોરથી આમળીને (ખડીકપચીના) પાકામાર્ગને ચીરી નાંખ્યો. માણસો જાતે આમતેમ પાછળ દૂર ધસી ગયા. શરીરે દસ ટન ઠંડા માસ અને પથ્થરને ફટકો માર્યો. બંદૂકો ફૂટી રાક્ષસે બખ્તરવાળી પૂંછડીને એકદમ ઝાટકી વાંકાચૂંકી જડબાને ધીમેથી આંચકો માર્યો. અને શાંત પડી રહયો. લોહીનો ફુવારો તેના ગળામાંથી ઊડયો. અંદરના ભાગમાં કયાંક પ્રવાહીઓની અંત:ત્વચાની કોથળી ફાટી. કંટાળો ઉપજાવે તેવા ધસારાએ શિકારીઓને તરબોળ કર્યા. તેઓ લાલ બની ચમકતા ઊભા રહયા. તોફાન શમ્યું.

જંગલ શાંત થયું. અચાનક ધસારા પછીની (તાજી) શાંતિ. તેઓએ તેમની હેલ્મેટ પરથી લોહી લૂછયું. તેઓને પીડા થઈ. રાક્ષસ શાંત પડી રહયો. જાણે નક્કર માંસને પહાડ અંદર નિસાસા અને ગણગણાટ સંભળાતા. તેના શરીરમાં તેના દૂરના ખાડ નાશ પામ્યા. અવયવો બરાબર કામ ન કરતા. પ્રવાહીઓ આખરી ક્ષણમાં વહેતાં. કોથળીથી અંત: ત્વચા તરફ અને ત્યાંથી બરોળ તરફ બધું જાણે કાયમ માટે બંધ. તે ભાંગેલા નકામા એંજિન જેમ ઊભો હતો. છૂટવાના સમયે જાણે વરાળનો પાવડો જાણે તમામ વાલ્વ મુકત કરાયા અથવા ચુસ્ત કરાયા. હાડકાં ભાંગ્યા પોતાના માંસની ટનદીઠ કિંમત સમતુલા ખોરવાઈ. વજન નાજુક–નીચેના હાથ ભાંગી નાખ્યા. માંસ ધ્રૂજતું ઠરીઠામ થયું.

બીજો ધડાકાનો અવાજ ઉપરની રાક્ષસી વૃક્ષોની ડાળી ભાંગી. ખરાબાની જમીન ભાંગીને નીચે પડી. મરેલા પશુ ઉપર કડકભૂસ કરતા પડી આખરી રીતે 'ત્યારે' Lesperance (લેસ્પરન્સ) એ પોતાનું ઘડિયાળ જોયું 'સમયસર બરાબર મૂળભૂત રીતે રાક્ષસી વૃક્ષ પડવાનું અને આ પશુ મરાવાનું નિધરિત હતું.'

## સ્વાધ્યાય કાર્ય – 2
## પાઠયક્રમ કોડ : AWR-01

ઓગષ્ટ–2005

**સ્વાધ્યાય કોડ: AWR-01/AST-2/TMA/2005**
**અભ્યાસ કેન્દ્રને સોંપવાની છેલ્લી તા. 07/05/2006**
**કુલ ગુણ : 100**

**નોંધ : તમામ પ્રશ્નોની ગુણ સરખા છે.**

1. રંગભૂમિ નાટકમાં ક્રિયા (Action) કેવી રીતે કાર્ય કરે છે? ઉદાહરણ દ્વારા સમજાવો.
2. રેડિયો નાટકમાં સંવાદ (રંગમંચ નાટકમાંની ભૂમિકા કરતા ભિન્ન રીતે) કઈ વિશિષ્ટ ભૂમિકા ભજવે છે?
3. અમુક નાટક રેડિયો રૂપાંતર માટે યોગ્ય છે કે નહિ તે તમે કેવી રીતે નક્કી કરશો?
4. 'પ્રાચીન દંતકથા (પુરાણકથા) સાર્વત્રિક આકર્ષણ ધરાવે છે. પરંતુ રેડિયો માટે તેનું રૂપાંતર કરવા વિશિષ્ટ પ્રવિધ (technique) ની આવશ્યકતા રહે છે'. સટીક ચર્ચા કરો.
5. બાળકો માટેના કાર્યક્રમ માળખામાં અંગભૂત કડીઓ (Hooks) હોવી જોઈએ જેથી તેમનો રસ જળવાઈ રહે. આવી કડીઓ તરીકે કાર્ય કરતાં તત્ત્વોની ચર્ચા કરો.
6. દૂરવર્તી શિક્ષણમાં રેડિયો અન્ય અધ્યાપન પધ્ધતિઓ કરતાં વધુ કયા લાભ ધરાવે છે?
7. અવૈધિક શિક્ષણ વ્યવસ્થાના વિદ્યાર્થીઓ માટેના રેડિયો વાર્તાલાપના આવશ્યક લાક્ષણિકતાઓની ચર્ચા કરો.
8. નીચેના મુદ્દાઓ પૈકી કોઈ પણ એક વિશે (12 થી 14) વયજૂથનાં નાનાં બાળકો માટે રેડિયો સ્ક્રિપ્ટ લખો.
   (a) પર્યાવરણીય પ્રદૂષણ (b) સ્નેહાળ પશુઓ (c) સ્વચ્છ ટેવો
9. નીચે આપેલ કાવ્ય ધોરણ ix ના વિદ્યાર્થીઓને સમજાવવાનું છે. આ બાબત ધ્યાનમાં રાખીને રેડિયો માટે વિગતવાર સ્ક્રિપ્ટ તૈયાર કરો.

**The Owl**

Downhill I Came, hungry, and yet not starved.
Cold, yet had heat within me that was proof
Against the North wind; tired, yet so that rest
Had seemed the sweetest thing under the roof.

Then at the inn I had food, fire, and rest,
Knowing how hungry, cold, and tired was I.
All of the night was quite barred out except
An owl's cry, a most melancholy cry.

Shaken out long and clear upon the hill,
No merry note, nor cause of merriment,
But one telling me plain what I escaped
And others could not, that night, as in I went.

And salted was my food, and my repose,
Salted and sobered, too, by the bird's voice
Speaking for all who lay under the stars,
Soldiers and poor, unable to rejoice. (Edward Thomas)

10. નીચેની લઘુવાર્તા માટે રેડિયો રૂપાંતર તૈયાર કરો. શા માટે બ્રિટિશ કેપ્ટન બળવાખોર મુખ્ય સમક્ષ નમ્યો.

આશરે બસો વર્ષ પહેલાં ઓરિસ્સામાં નારણગઢ ગામમાં એક દલાબહેરા રહેલો. જેનું નામ આજે પણ ઓરિસ્સામાં ઘણા લોકોને પ્રિય છે. તે ગામનો મુખી હતો. અને તેનું હદય રાજકુમારનું હતું. લોકો તેને ગરીબોનો મિત્ર કહેતા. અને તેની પાસેથી  કોઈ પણ વ્યકિત ખાલી હાથે પાછી ફરતી નહીં. દૂરદૂરના લોકો પણ તેને અતિશય ચાહતા; અને કહેતા કે તે માણસ કરતાં  વિશેષ ઈશ્વર જેવો છે.

આ સમયે યોદ્ધા વર્ગના સભ્યો (જેઓ પૈખા તરીકે ઓળખાતા) તેમણે બ્રિટીશ સત્તાવાળાઓ સામે બળવો કર્યો. દલાબહેરાએ તેમનું નેતૃત્વ લીધું અને તેઓ બ્રિટીશ સામે લડયા. પ્રારંભમાં વિજય પૈખાની બાજુએ હતો. તેઓએ બ્રિટીશ પાસેથી ઘણાં સ્થળો કબજે કર્યા. પરંતુ તરત જ નવાં લશ્કરો તેમની સામે આવ્યા. એટલે બળવો સખ્તાઈથી શાંત પાડવામાં આવ્યો. તેમાની હારને પરિણામે પૈખાઓને ક્રૂર રીતે શિક્ષા થઈ. ઘણાને પકડીને ફાંસી આપવામાં આવી અને ઘણાને જેલની શિક્ષા થઈ. અનેક પૈખાઓ  સલામતી અને આશ્રય માટે જંગલમાં નાસી છૂટયા. તો યે બ્રિટિશ કેપ્ટનનો ગુસ્સો શમ્યો ન હતો. તેને તો તેમના મુખ્ય વડા દલાબહેરાની જરૂર હતી. પરંતુ દલાબહેરા જંગલમાં સંતાતો હોઈ તેનો પત્તો ન હતો. તેથી એક હજાર રૂપિયાનું ઈનામ જે દલાબહેરાને પકડીને લાવે તેને આપવાનું જાહેર થયું. તમામ જગ્યાએ તીવ્ર શોધ કરવા છતાં દલાબહેરા પકડી શકાયો નહિ. તે તો ગાઢ જંગલમાં રહેતો હતો. અને જંગલી ફળ અને મૂળ તેમજ વહેળાના પાણી ઉપર આધાર રાખતો. તેનાં કપડાં ચીંથરેહાલ, વાળ અને દાઢી વધેલાં હતાં. અને તેથી તે અતિશય દયાપાત્ર હતો.

એક દિવસ ભટકતી વખતે દલાબહેરાને એક માણસ મળ્યો. જે અતિશય કંગાલ જણાતો હતો. તે માણસે દલાબહેરા પાસે આવીને નારણગઢ જવાનો રસ્તો પૂછયો. "તારે નારણગઢ કેમ જવાનું થયું?" તેવું દલાબહેરાએ આશ્ચર્યથી પૂછયું : " તારે ત્યાં કોને મળવું છે.?"
તે માણસે જવાબ આપ્યો: " હું નારણપુરાના દલાબહેરાની પાસે જાઉં છું. "

દલાબહેરાએ પૂછયું, " હું તેને જાણું છું પણ મને કહે કે શા માટે તારે એને મળવું છે?" તે માણસે કહયું "સાહેબ, ચિંતાજનક દુર્ભાગ્ય મારા પર આવી પડયું છે. ગંજમ (Ganjam) માં મારું ઘર છે. હું બોટમાં મારા વેચાઉ માલ સાથે આવી રહયો હતો. ત્યારે મારા બોટ ચિલકા (Chilka) તળાવમાં ડૂબી ગઈ. હું માત્ર પહેરેલે કપડે ત્યાંથી નાસી છૂટયો. મારું કુટુંબ મોટુ છે. અને મારું તો બધું ગયું. મને કોઈ મદદ કરે એવું નથી મને ખાતરી છે કે જો હું તેને મળું તો તે મને મદદ કરવાની ના નહિ પાડે."

દલાબહેરાને તે માણસની વાત સાંભળી આઘાત લાગ્યો. અને થોડી વાર તો તે અવાક થઈ ગયો. તેનું ઉદાર હ્દય પીગળ્યું. તેણે કહયું " મારી સાથે આવ, હું તારા દલાબહેરાને ઘણી સારી રીતે જાણું છું. હું તને તેને ત્યાં લઈ જઈશ. " પરંતુ દલાબહેરા તો તે માણસને સીધો બ્રિટિશ કેપ્ટન પાસે લઈ ગયો. કેપ્ટનને તો કલ્પના ન આવે કે દલાબહેરા તેની સમક્ષ ઉભો છે. તે નિભર્યતાથી બોલ્યો " સાહેબ, તમારા માણસો જેણે શોધી ન શકયા તે હું દલાબહેરા છું. હું મારી જાતે તમારી પાસે આવ્યો છું. મને પકડી લો અને આ માણસને રૂ. એક હજાર ઈનામ આપો. આ માણસ ભૂખ્યો–નાગો અહીંથી જાય તે જોવું હું સહન કરી શકું નહિ"

મૌન આશ્ચર્યથી બ્રિટિશ કેપ્ટને તે માણસના દુર્ભાગ્યની વાત સાંભળી અને વળી દલાબહેરાની વાત તેનાથી વધુ મહાન ત્યાગ અને બલિદાનની ઉન્નત આત્માથી તેણે કબૂલ્યું "મારી લાંબા સમય  સુધી ગેરસમજ હતી. મેં કઈ ન જાણ્યું કે તારો આત્મા આટલો મહાન છે! આવી મહાનતા સમક્ષ હું કિન્નાખોર બની શકું નહિ. તારા મિત્ર માટે આ એક હજાર રૂપિયા લે અને વળી તેની સાથે તારી મુકિત પણ."